# ગાંધીનગર ગણેશોત્સવના રંગે રંગાયું..



સેકટર-૫/એ શિવશક્તિ મંદિર ખાતે ગણેશ ચતુર્થીએ ભગવાનની સ્થાપના કરીને ભાવિકોએ પૂજા અર્ચના કરી હતી.



એસ.કે રાજપુત શાળા ગાંધીનગર સેક્ટર ૫/ડીમાં ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી.બાળકો દ્વારા ગણેશજીની મૂર્તિ બનાવાઈ હતી.



સેકટર-૬ ખાતે શ્રીજીની મૂર્તિની સ્થાપના કરીને ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી રહી છે.

## સ્વપ્રવિલા-૩ પેથાપુર ખાતે ગણેશ ચતુર્થીની ઉજવણી



સ્વપ્રવિલા-૩ પેથાપુર ખાતે ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગણેશજીનું સ્થાપન કરીને શ્રધ્ધાપૂર્વક પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ દરમિયા મોટી સંખ્યામાં સોસાયટીના રહીશો હાજર રહયા હતા.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ગણેશોત્સવ-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે.



રેડિયન રેસીડેન્સી સરગાસણ ખાતે ગણેશજીનું ભવ્ય રીતે સ્થાપન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીનાં રહીશો ઉપસ્થિત રહ્યા હતા.



શહેરના સે-૧૧ અખબારભવન પાસે મોદી ટી સ્ટોલ ખાતે પણ ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ 'ગણપતિ બાપ્પા મોરિયા' ના નાદથી ગુંજ્યુ



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે વિઘ્નહર્તા ગણપતિ બાપ્પા નું ધામધૂમથી સ્થાપન કરવામાં આવ્યું. ત્યારબાદ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકો તથા ફેકલ્ટીઝ દ્વારા પૂજા અર્ચના તથા આરતી કરવામાં આવી હતી.



શહેરના સે-૭ ખાતે ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરીને પૂજા અર્ચના કરવામાં આવી હતી.



શહેરના સેકટર-૫/એ ખાતે ગણેશજીનુંસ્થાપન કરીને ભજનનો કાર્યક્રમ યોજાયો હતો.



ગાંધીનગરના સેકટર-૪ ખાતે ગણેશ ચતુર્થી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં વસાહતીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

# સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિથી ખેતીને થયેલા નુકસાનનો સર્વે કરાશે

### ૨ ઓક્ટોબરથી તમામ રાસાયણિક ખાતર બનાવતી કંપનીઓ દ્વારા એક જ સમાન પ્રકારની બેગમાં ખાતરોનું વેચાણ કરાશે

ગાંધીનગર,તા.૩૧

સૌરાષ્ટ્રના ૩ જિલ્લાના ૩ તાલુકામાં અતિવૃષ્ટિના કારણે ખેતીને થયેલા નુકસાનને લઈ સર્વે કરાશે. રાજ્ય સરકારને મળેલી રજૂઆતના કારણે કૃષિ વિભાગે ૩ તાલુકામાં સર્વેના આદેશ આપ્યા હતા. જે ૩ તાલુકામાં સર્વે કરાશે તેમાં મોરબી જિલ્લાનો માળિયા તાલુકો, ગીર સોમનાથ જિલ્લાનો ગીર સોમનાથ તાલુકો, અને જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના અમૂક ગામોનો સમાવેશ થાય છે. અગાઉ કૃષિ વિભાગે અતિવૃષ્ટિને લઈ ૯ જિલ્લામાં સર્વે કર્યો હતો. એવામાં વધુ ૩ તાલુકામાં સર્વે કરવાનો નિર્ણય લેવાયો.

કૉંગ્રેસની કિસાન સેલના ચેરમેન પાલ આંબલિયાએ સવાલ કર્યો હતો કે કે અગાઉ ૯ જિલ્લામાં સર્વે કર્યો તેનું વળતર ક્યારે ચૂકવાશે. એટલું જ નહીં, ૧૮ તાલુકામાં હાલ ૧૩૫થી ૨૭૦ટકા વરસાદ વરસી ચૂક્યો છે. તો ૧૮ તાલુકામાં સર્વે ક્યારે કરાવાશે.રાજ્યના ખેડૂતોને પૂરતી માત્રામાં યુરિયા ખાતરનો જથ્થો ઉપલબ્ધ થાય તે હેતુથી ગુજરાતને ૪૭,૦૦૦ મેટ્રિક ટન આયાતી યુરિયા ખાતરનું આખું વેસલ ફાળવવામાં આવ્યું હોવાની વાત કૃષિ મંત્રી રાઘવજી પટેલે કરી છે. પ્રધાનમંત્રી ભારતીય જન ઉર્વરક પરિયોજના હેઠળ ગાંધી જયંતિ-બીજી ઓક્ટોબર-૨૦૨૨થી તમામ રાસાયણિક ખાતર બનાવતી કંપનીઓ દ્વારા એક જ સમાન પ્રકારની બેગમાં ખાતરોનું વેચાણ શરુ કરાશે.આગામી રવિ અને ઉનાળુ ઋતુ માટે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ૧૨.૫૦ લાખ મે.ટન યુરિયા, ૨.૫૦ લાખ મે.ટન ડીએપી, ૨.૮૫ લાખ મે. ટન એનપીકે , અને ૧.૫૦ લાખ મે. ટન એસએસપીનો જથ્થો મંજૂર કરવામાં આવ્યો છે.



હવામાન વિભાગ દ્વારા આવનારા ચાર દિવસોમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે ત્યારે અમદાવાદમાં બુધવારે બપોરે અચાનક વરસાદ તૂટી પડ્યો હતો. શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

### જામનગર મોદક સ્પર્ધા ૧૩ વર્ષથી યોજાય છે

## ૫૮ વર્ષીય વડીલ ૧૦૦ ગ્રામના ૧૨ લાડુ દાબી ગયા

### ભાણવડના ફતેપુરા નવીનચંદ્ર ૧૨ લાડુ આરોગી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા જાહેર થયા હતા

જામનગર,તા.૩૧

ગણેશ ચતુર્થી નિમિત્તે ગણપતિ બાપાને અતિ પ્રિય એવા મોદક લાડુ આરોગવાની અનોખી ઓપન સૌરાષ્ટ્ર સ્પર્ધાનું બ્રહ્મ સોશ્યલ ગ્રુપ દ્વારા સતત ૧૩માં વર્ષે સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્રભરમાંથી કુલ ૩૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જામનગર બ્રહ્મ સોશ્યલ ગ્રુપ દ્વારા દર વર્ષે ગણેશ ચતુર્થી નિમિત્તે સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જેમાં અડધી કલાકની અંદર સ્પર્ધકોએ ચૂરમાના લાડુ કે જે એક લાડુ ૧૦૦ ગ્રામનો હોય છે અને જેમાં સૂકો મેવો નાખેલ હોય છે તે દાળ સાથે આરોગવાનો હોય છે. કોઈપણ જ્ઞાતિના લોકો સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. ઓપન સૌરાષ્ટ્ર મોદક સ્પર્ધામાં પ્રથમ વખત ભાગ લઈ પુરુષોમાં ભાણવડના રમેશભાઈ જોટંગિયાએ ૧૨ લાડુ ખાઈ બાજી મારી છે. જયારે મહિલાઓમાં જામનગરના પદમીની ગજેરા ૯ લાડુ આરોગી પ્રથમ નંબર મેળવ્યો છે.

## ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટમાં ૧૯ રાજ્યોના ૧૦૩૧ જેલ કર્મચારીઓ વિવિધ ૧૮ સ્પર્ધાઓમાં સહભાગી બનશે

ગાંધીનગર, તા.૩૧

૬ઠ્ઠી ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ- ૨૦૨૨નું આયોજન ગુજરાત પોલીસના જેલ વિભાગ તથા બ્યુરો ઓફ પોલીસ રિચર્સ એન્ડ ડેવલોપમેન્ટ (BPR&Dના સંયુક્ત ઉપક્રમે ૪થી ૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ના દિવસોમાં અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. પંદર વર્ષ પછી ગુજરાતને આ મીટ માટે ફરી યજમાન પદ પ્રાપ્ત થયું છે. આ ત્રિ-દિવસીય ૬ઠ્ઠી ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ- ૨૦૨૨નો ઉદઘાટન સમારંભ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાશે. ૬ઠ્ઠી ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ-૨૦૨૨નો ઉદઘાટન સમારંભ ૪થી સપ્ટેમ્બરે અમદાવાદના કાંકરિયા ખાતે આવેલા ટ્રાન્સટેડિયા સ્ટેડિયમ, એકા ક્લબ ખાતે યોજાશે. આ ઉદઘાટન સમારંભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહરાજય મંત્રી હર્ષભાઈ સંઘવી પણ ઉપસ્થિત રહેશે. જયારે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ૬ સપ્ટેમ્બરે સમાપન સમારોહ યોજાશે. આ મીટમાં ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અંદાજિત ૧૦૩૧ જેટલા જેલ અધિકારીઓ તથા કર્મચારીઓ વિવિધ ૧૮ સ્પર્ધાઓમાં ભાગ લેવાના છે. આ અંગેની વધુ વિગતો આપતા જેલ અને સુધારાત્મક વહીવટના અધિક પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવે જણાવ્યુ હતુ કે, આ '૬ઠ્ઠી ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ-૨૦૨૨'પંદર વર્ષ બાદ ગુજરાતમાં યોજાવા જઈ રહી છે. ગુજરાત રાષ્ટ્રીય કક્ષાની આ મીટનું ફરી એક વાર યજમાન બનવાનું છે, એ આપણા સૌ માટે આનંદ અને ગૌરવની બાબત છે એમ તેમણે ઉમેર્યું હતું. વધુ જાણકારી આપતાં ડૉ. રાવે જણાવ્યું હતું કે છેલ્લે ૨૦૧૬માં તેલાંગણા ખાતે આ મીટનું આયોજન થયું હતું. આ વખતે આ ગુજરાતમાં યોજાઈ રહી છે, ત્યારે અમે આ મીટને લઈને તમામ પ્રકારના આયોજનની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં '૬ઠી ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ- ૨૦૨૨નો ઉદઘાટન સમારંભ તારીખ ૪ સપ્ટેમ્બરના રોજ અમદાવાદના ટ્રાન્સટેડિયા સ્ટેડિયમ, એકા ક્લબ ખાતે યોજાશે. ઉદઘાટન સમારંભમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેવાના છે.

# વિપુલ ચૌધરીએ વિસનગરથી ચૂંટણી લડવાના સંકેત આપ્યા

મહેસાણા ,તા.૩૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ તૈયારીઓ આરંભી છે. મહેસાણા બેઠક રાજકીય લેબોરેટરી ગણાય છે અને અહીંયા ૧૯૯૦થી ભાજપનું એકચક્રીય શાસન છે. ૧૯૬૨થી ૧૯૯૦ સુધી સ્વતંત્ર પાર્ટી અને કોંગ્રેસનું વર્ચસ્વ હતું પણ હવે એ ભૂતકાળ બની ચૂક્યું છે. ત્યારે મહેસાણામાં વિપુલ ચૌધરી દ્વારા એક મહત્વપૂર્ણ નિવેદન આપવામાં આવ્યું છે. વિધાનસભાની ચૂંટણી નજીક આવતા જ નેતાઓની ટિકિટની માગ વધી છે. સ્ન્છ ગોવિંદ પટેલે જણાવ્યું હતું કે, પાર્ટી ટિકિટ આપશે તો ચૂંટણી લડીશ. જ્યારે વિસનગરથી ટિકિટ મળે તો વિપુલ ચૌધરી ચૂંટણી લડવા તૈયાર છે.

### રૂસના નેતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ અગાઉના ક્રેમલિન નેતાઓએ ૧૯૫૬માં હંગેરીમાં અને ૧૯૬૮માં ચેકોસ્લોવાકિયામાં વિદ્રોહને કચડી નાખવા માટે ટેંક મોકલ્યા હતા. પરંતુ વિરોધોએ સોવિયેત યુનિયનના ૧૫ ગણરાજ્યોમાં સ્વાયત્તતા માટેની આકાંક્ષાઓને વેગ આપ્યો જે આગામી બે વર્ષમાં અરાજકતાથી ફેલાયો. ગોર્બાચેવ તે પતન રોકવા માટે સંઘર્ષ કર્યો હતો.

ગોર્બાચેવ ૧૯૮૫માં સોવિયેત સંઘના નવા નેતા તરીકે ચૂંટાયા હતા. તેઓ ૧૯૮૫થી ૧૯૯૧ સુધી સોવિયેત સંઘની કમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ હતા.

૧૯૮૮થી ૧૯૮૯ સુધી તેઓ સુપ્રીમ સોવિયેતના પ્રેસિડિયમના અધ્યક્ષ રહ્યા હતા. ૧૯૮૮થી ૧૯૯૧ સુધી તેઓ સ્ટેટ કંટ્રી હેડ રહ્યા રહ્યા હતા. ૧૯૮૯થી ૧૯૯૦ સુધી તેમણે સુપ્રીમ સોવિયેતના અધ્યક્ષ તરીકે કાર્ય કર્યું હતું.

ગોર્બાચેવ માત્ર ૫૩ વર્ષની ઉંમરમાં વર્ષ ૧૯૮૫માં કમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ બન્યા હતા. તેઓ ૧૯૯૧ સુધી આ પદ પર રહ્યા જ્યારે પાર્ટી પોતે જ વિસર્જન થઈ ગઈ અને સોવિયેત સંઘનું ટૂંક સમયમાં પતન થઈ ગયું. તેમની 'ગ્લાસનોસ્ટ'ની નીતિ - મુક્ત ભાષણે પાર્ટી અને રાજ્યની પહેલા અકલ્પનીય ટિકાની અનુમતિ આપી પરંતુ તે રાષ્ટ્રવાદીઓને પણ પ્રોત્સાહિત કર્યા જેમણે લાતવિયા, લિથુઆનિયા, એસ્ટોનિયા અને અન્ય સ્થળોના બાલ્ટિક ગણરાજ્યોમાં સ્વતંત્રતા માટે દબાણ કરવાનું શરૂ કર્યું હતું.

### ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તૂટેલા છે અને તે સરખી રીતે બેસી પણ નથી શકતી. તેણે રડીને પોતાની પીડા વર્ણવતા જણાવ્યું હતું કે, તેના દ્વારા જીભ વડે જમીન સાફ કરાવડાવવામાં આવી હતી, પેશાબ ચાટવા મજબૂર કરવામાં આવી હતી અને તેના દાંત તોડી નાખવામાં આવ્યા હતા. ઝારખંડના ગુમલાની રહેવાસી ૨૯ વર્ષીય પીડિતા આશરે દસેક વર્ષથી પાત્રા પરિવારના ત્યાં કામ કરી રહી હતી. વિવાદ બાદ ભાજપે સીમા પાત્રાને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા હતા. જાણવા મળ્યા મુજબ સીમાના દીકરા આયુષ્માને જ પીડિત સુનીતાની મદદ કરી હતી. આયુષ્માને સચિવાલયમાં પોતાના સાથે કામ કરતા મિત્ર વિવેકને આ અંગે જાણ કરી હતી અને વિવેકે રાંચી ડીસી સુધી વાત પહોંચાડી હતી. પોલીસે આ મામલે કન્ફર્મ થયા બાદ સુનીતાને રેસ્ક્યુ કરી હતી. બાદમાં સીમા દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તેણે સુનીતા સાથે આક્ષેપો થઈ રહ્યા છે તેવો કોઈ જ વ્યવહાર નથી કર્યો. ઉપરાંત સીમાએ પોતાનો દીકરો આયુષ્માન માનસિકરૂપે બીમાર હોવાનો અને તેણે ખોટા આરોપો લગાવ્યા હોવાનો પણ દાવો કર્યો હતો.

### લૂંટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમનો કેટલોક સામાન તફડાવી લીધો છે. તપાસ દરમિયાન પોલીસને ૨ બેગમાં ચંદીગઢ અને લુધિયાણા પહોંચાડવા માટેના ઘરેણાંના બોક્સ હોવાની જાણ થઈ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતુ કે, ૪ લોકોએ રસ્તામાં કુરિયર કંપનીના કર્મચારીને લૂંટી લીધો હતો અને તે પૈકીનો એક આરોપી પોલીસની વર્દીમાં હતો. ૨ આરોપીઓએ પહેલા કુરિયર કંપનીના કર્મચારીને ચેકિંગના નામે ઉભા રાખ્યા હતા અને તે સમયે બાકીના ૨ બદમાશોએ પાછળથી આવીને આંખમાં મરચાંની ભૂકી નાખીને બેગ અને બોક્સ લૂંટી લીધા હતા.

### બદનામ કરવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેજરીવાલે જણાવ્યું કે, 'જ્યારે આપણે સાર્વજનિક જીવનમાં આવીએ છીએ ત્યારે આપણે કોઈ પણ પ્રકારની તપાસ માટે હંમેશા તૈયાર રહેવું જોઈએ. સીબીઆઈએ પોતાની તમામ તપાસ પૂરી કરી. મનીષ સિસોદિયાની ૧૪ કલાક સુધી પુછપરછ કરી. તેમણે સવાલનો સંતોષકારક જવાબ આપ્યા. તેમને લોકરમાં પણ કશું ન મળ્યું. માટે તેમને ઔપચારિક ક્લીન ચિટ આપી દેવાઈ.'

### દુકાનોમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે આ મિલ્કતમાં કોઈપણ ભાગમાં બદલાવ કરવા અગર પાર્ટીશન કરવા સહીતના મામલે તેમજ અન્યને સોંપણી કરવા મામલે પણ કડક મનાઈ કરવામાં આવી છે. ગુડા નિર્મિત દુકાનો સંદર્ભે તંત્રએ બેઠક દરમિયાન આ નિર્ણય કરાયો છે. ગુડા દ્વારા નિર્મિત આવાસ યોજના અન્વયે લાખોના ખર્ચે દુકાનોનુ નિર્માણ કરાયુ છે. જો કે આવાસ યોજનાને અનુલક્ષી તૈયાર કરાયેલી દુકાનો અન્વયે લાંબા સમય સુધી ફાળવણીની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી ન હતી જેના લીધે વર્ષો બાદ દુકાનો પણ ખંડેર હાલતમાં જોવા મળી રહી છે. રાયસણ સહીતના આવાસો પાસે નિર્મિત દુકાનોની હાલત પણ કાંઈક આવી જ છે.

### બીલની ચુકવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વનતંત્ર દ્વારા છેલ્લા ઘણાં સમયથી એજન્સીને બીલના ચુકવણા કરવામાં આવ્યા નથી લાંબા સમયથી જુદી જુદી એજન્સીને અંદાજિત રૂ ૪૦ લાખના બીલનુ ચુકવણુ બાકી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આ સ્થિતિ વચ્ચે કામ પુરુ કરનાર એજન્સીઓ દયાજનક સ્થિતિમાં મુકાઈ છે. બીજીતરફ તાજેતરમાં જ કામ પુર્ણ કર્યા હોય તેને સમયસર બીલ ચુકવાઈ જતુ હોવા છતા જુના બિલનો નિકાલ આવતો ન હોવાનો રોષ પણ નાના કોન્ટ્રાકટર્સમાં પ્રબળ બન્યો છે.

### લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

વિકાસ માટે માનવ જાતમાં લાગણીઓ અને ચેતનાનો ઉચ્ચ વિકાસ થાય તેમ જ પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિની સુખાકારી, પ્રકૃતિ અને પર્યાવરણનું સંવર્ધન ને સંરક્ષણ થાય એ માટે ઉત્તમ સંતતિ પેદા કરવી એ મનુષ્યની ફરજ અને કૃતજ્ઞતા છે. એટલે વંશ વૃદ્ધિ અને ઉચ્ચતમ સંસ્કાર સ્ત્રી દ્વારા જ શક્ય છે... આ વાત પ્રાચીન ભારતના સંશોધક-વૈજ્ઞાનિક એવા ઋષિમુનિઓએ કરી છે.

દોસ્તો, ચરક, સુશ્રુતે તબીબી વિજ્ઞાન, જમદગ્નિ, યાજ્ઞવલ્કયે વિજ્ઞાનના શોધ - પ્રયોગો, વશિષ્ઠએ બ્રહ્મવિદ્યા - રાજનીતિનું વિજ્ઞાન, વિશ્વામિત્રે ગાયત્રી મહાવિદ્યા, નારદજીએ ભક્તિ સૂત્ર, પરશુરામે જાતિગત ભેદભાવોનું નિરાકરણ અને ભગીરથે ગંગાવતરણ - જળવિજ્ઞાન દ્વારા સમાજ કલ્યાણના કાર્યો કર્યા. માનવજાત એમની કરજદાર છે. આ દેશના ઋષિમુનિઓ સંસ્કૃતિના પથ દર્શક, રાષ્ટ્રધર્મના સંરક્ષક પ્રગતિ અને મુક્તિના ઉદગાતા છે... એમની મહાનતાને યાદ કરવાનો દિવસ એટલે ઋષિ પંચમી... કૃષિજનોની શ્રદ્ધાભરી સામા પાંચમ!

આજના દિવસે ચિંતનશીલ બ્રહ્મર્ષિ, કૃતિશીલ, રાજર્ષિ અને કુશળ દેવર્ષિઓની છત્રછાયા ભારતીય આર્યનારીઓ પર રહે અને તેમના સંતાનોમાં ઋષિઓના સંસ્કારો સતત જીવતા - જાગતા રહે એવી અભ્યર્થના...!

**સ્પર્શમણિ**

**જેના વડે મનુષ્ય જીવે છે તે સંસ્કૃતિ નથી, પણ જેને માટે મનુષ્ય જીવે છે તેનું નામ સંસ્કૃતિ!**

**- કનૈયાલાલ મુનશી**

● ● ●

**ભુખે ખાવું એ પ્રકૃતિ, ઝૂંટવી ખાવું એ વિકૃતિ ને ખવડાવી ખાવું એ સંસ્કૃતિ.**

● ● ●

**ભેગા તો બધા થાય છે બસ તકલીફ એક થવામાં છે.**

- rasikvaland1965@gmail.com
99134 26949